# ગુજરાતી સાંસ્કૃતિક કેન્દ્ર દિલ્હીના ઉપક્રમે સરસ બોધપ્રદ વાર્તાઓનું ઓનલાઈન પઠન કરાયું

ગાંધીનગર, તા. ૧૦

રાજધાની દિલ્હીમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થા ગુજરાતી સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા ઓનલાઈન વાર્તા વાંચનનો કાર્યક્રમ યોજાયો. સાપ્તાહિક ઓનલાઈન કાર્યક્રમ 'મારી ભાષા ગુજરાતી' અંતર્ગત દિલ્હીના ચૂંટેલાં દસ ગુજરાતી વાચકોએ સરસ બોધપ્રદ વાર્તાઓનું વાંચન કર્યું. આ બધી ટૂંકી વાર્તાઓ પુરાણ ઉપનિષદોમાંથી લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જોડાયેલા શ્રોતાઓને સચોટ કથાઓ સાંભળતાં પવિત્ર શ્રાવણ માસમાં વાર્તા-સત્સંગનો અનેરો લ્હાવો મળ્યો હતો.

સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા આ ઉપક્રમને વાંચન-સ્પર્ધા રૂપ અપાયું હતું જેમાં ધર્મજ્ઞા રાવલ, હેતલ રાણા, કેતકી મહેતા, કલ્પના પાલખીવાલા, પ્રીતિ શાહ, રેણુકા બારોટ, રાજેશ પટેલ, સાધના વ્યાસ, તૃષા જાની રાવલ અને વિજય પંચાલે ભાગ લીધો હતો. અમદાવાદથી મીરા પંડ્યા અતિથિવાચક તરીકે સામેલ થયાં હતાં. સરસ વાંચનકલાને ઉત્તેજન આપવા યોજાયેલ આ અનોખી વાંચન સ્પર્ધામાં બારડોલીથી 'બેસ્ટ ગુજરાત' અખબારના તંત્રી સાહેબરાવ પાટીલ, સુરતથી આકાશવાણીનાં ઉદ્‌ઘોષિકા સંગીત બલસારા, ભરૂચથી એમિટી સ્કૂલમાં અધ્યાપિકા




સરોજ રાણા અને અમદાવાદથી જાણીતાં નાટ્યકાર લેખિકા લતા શાહે નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

પ્રારંભે ગુજરાતી સાંસ્કૃતિક કેન્દ્રના પ્રમુખ વિરાટ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓ અને વાંચનસ્પર્ધા આયોજન પાછળનો ખ્યાલ સ્પષ્ટ કર્યો હતો. શ્રી શાહ દિલ્હીમાં પાછલાં એકવીસ વર્ષથી 'ગુજરાતધારા' નામે એક પાક્ષિક ચલાવી રહયા છે જે રાજધાનીથી પ્રગટ થતું એકમાત્ર ગુજરાતી પારિવારિક સામયિક છે. બિનગુજરાતી વાતાવરણ એવા દિલ્હીમાં ગુજરાતી ભાષા યોગ્ય રીતે બોલાય, લખાય અને વંચાય એવા ધ્યેયથી ૧૦૦ મિનિટ પ્રોગ્રામ મંચ પર યોજાતી વિવિધ કાર્યક્રમોની શ્રેણીમાં આ નવમો ઉપક્રમ હતો જેનું સંચાલન ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ભરૂચથી કેળવણીકાર રણછોડ શાહ, વડોદરાથી બીના શેઠ, દાહોદથી મુકેશ દેસાઈ, દિલ્હીથી બકુલ વ્યાસ, મીતા સંઘવી, કિરીટ પરીખ, રોહિત વોરા, કીર્તિ વોરા વગેરેએ આ ઓનલાઈન સભામાં હાજરી આપી ઉત્સાહવર્ધન કર્યું હતું.

# ગાંધીનગર ખાતે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરીનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૦

આજે કર્મયોગી ભવન, ગાંધીનગર ખાતે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરીનું કાયદા રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉદ્‌ઘાટન કર્યુ હતું.

ઉદ્‌ઘાટન બાદ કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા એ કહ્યું હતું કે પોલીસને પુરાવાના યોગ્ય એકત્રીકરણમાં મદદ અને ગુનેગારોને કડકમાં કડક સજા મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ન્યાયતંત્રમાં ખાસ કરીને તાબાની કોર્ટોમાં પડતર કોર્ટ કેસોના નિરાકરણ માટે ડાયરેક્ટર ઑફ પ્રોસિક્યુશન મહત્વનો ભાગ ભજવશે. ઈન્વેસ્ટીગેશન તેમજ કોર્ટની ન્યાયિક કામગીરીમાં વધુ ઝડપ આવે અને ડિલિવરી ઑફ જસ્ટીસ સિસ્ટમ ઝડપી બને તથા ગુનેગારને ઝડપથી સજા થાય તેવા ઉમદા હેતુથી ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની રચના કરવામાં આવી છે.

આ પ્રસંગે કાયદા રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા એ કહ્યું હતું કે ક્રીમીનલ કેસોની કામગીરી વધુ ઝડપીઅને અસરકારક બનાવવી એ અમારો નિર્ધાર છે. સાથેસાથે છેવાડાના માનવીને ઘરઆંગણે વધુ સરળતા સાથે ઝડપી ન્યાય મળે એ માટે રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણયો કર્યા છે. રાજ્યમાં તમામ કોર્ટોમાં ફરજ બજાવતા સરકારી વકીલોને એક



તાંતણે બાંધતા આ તંત્રથી ન્યાયિક પ્રક્રિયા સરળ અને ઝડપી બનશે.

આ પ્રસંગે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન શ્રી પરેશ એસ. ધોરા એ કહ્યું હતું કે ભારત સરકાર દ્વારા પ્રોસિક્યુશનની કામગીરી અસરકારક થાય તે માટે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી દરેક રાજ્યમાં સ્થાપવાની જોગવાઈ કરવામાં આવેલ છે જે મુજબ CRPC Amendment Act, ૨૦૦૫ ની કલમ-૨૫(એ) મુજબ ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની રચના કરવામાં આવી છે. પ્રોસિક્યુશનના નિર્દેશન હેઠળ રાજયભરના પડતર કેસોમાં કન્વીક્શન રેટમાં વધારો થશે.

ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની યાદીમાં જણાવ્યાં મુજબ CRPCની કલમ ૨૫-એ ના (૫) અને (૬) અનુસાર હવેથી આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર, પબ્લીક પ્રોસિક્યુટર, એડિશનલ પબ્લીક પ્રોસિક્યુટર, ખાસ પબ્લીક પ્રોસિક્યુટર વિગેરે તમામ ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનના નિયંત્રણ હેઠળ ફરજ બજાવશે. ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન એ પ્રોસિક્યુશનને સંબંધી તમામ કામગીરી જેવી કે ચાર્જ શીટ જેવી કામગીરી ઉપર દેખરેખ-નિયંત્રણ રાખશે. ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન કાયદા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ ખાતાના વડા તરીકે કાર્યરત રહેશે.

ડાયરેક્ટર ઓફ પ્રોસીકયુશન શબ્દનો ઉલ્લેખ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫(એ)માં કરવામાં આવેલ છે. જેનો ડીક્ષનરી અર્થ 'એવી વ્યક્તિ કે જે પોલીસને કોર્ટ સમક્ષ કેસ ચલાવવામાં સલાહ આપી શકે.' આમ, આ શબ્દનો બહુ વિશાળ અર્થ થાય છે. હાલની સરકારનો પ્રજાભિમુખ વહીવટનો ઉદ્દેશ રહેલો છે અને તેમાં કાયદાની અને દંડની ઉચિત જોગવાઈને સક્ષમ બનાવવાનો અભિગમ રહેલો છે.

આ કાર્યક્રમમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતા સિંહ, કાયદા વિભાગના સચિવ અને આર.એલ.એ શ્રી ડી.એમ. વ્યાસ, કાયદા વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ અને વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# યશદિપ આંખની હોસ્પિટલ દ્વારા ડૉ. હર્ષદ ચૌધરીનું માનવીય કાર્ય

ગાંધીનગર, તા. ૧૦

યશદિપ આંખની હોસ્પિટલના ડૉ. હર્ષદ ચૌધરી દ્વારા માનવતાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું.નિર્મોહી આશ્રમ સેકટર-૨૫ ના મહંત માધવદાસ બાપુને ડાયાબિટીસના કારણે આંખમાં દેખાતું ઓછું થવા લાગ્યું હતું. ઘણી હોસ્પિટલોની મુલાકાત લઈ બતાવતા ડાયાબિટીસના કારણે કોઈ ડૉકટર ઓપરેશનનું જોખમ ઉઠાવવા તૈયાર થતા નહિ.

ઘણી વખત તો સરકારી હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર ઉપરથી પરત મોકલવામાં આવતા. આવા અઘરા કેસમાં ડૉ. હર્ષદ ચૌધરીનો સંપર્ક કરતા તેમણે ત્વરીત નિઃશુલ્ક ઓપરેશન કરવાની તૌયરી બતાવી તેમના સેકટર-૭ સ્થિત હોસ્પિટલમાં મહંતનું આંખનું ઓપરેશન કરી આપવામાં આવ્યું. ડૉ. ચૌધરીના જણાવ્યા મુજબ ઓપરેશન બાદ મહંતની આંખ પહેલા જેવી એકદમ સરસ થઈ જશે.

આ ઉમદા કાર્યની કડી જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી, કથાકાર કનૈયાલાલ પંડ્યા અને પત્રકાર મુકેશ પંડ્યા દ્વારા જહેમત ઉઠાવી ઉમદા માનવતાના કાર્યને સફળ બનાવામાં આવ્યું હતું. મહંતે ડૉ. હર્ષદ ચૌધરીને આશીર્વાદ આપ્યા હતા. માનવતાના ઉમદા કાર્ય માટે ડૉ. હર્ષદ ચૌધરીને અભિનંદન આપ્યા હતા.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે ઓનલાઈન વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે શિક્ષકોની Covid-19 ની વર્તમાન પરિસ્થિને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને કેવી રીતે સરાહભર્યું શિક્ષણ પૂરું પાડવામાં આવે તેનું કર્ણાવતી યુનિર્વસીટિ દ્વારા Online webinar યોજવામાં આવેલ હતો. જેમાં Black-board , Web ct , Moodle and Sakai, વગેરે મુદ્દાઓની ચર્ચા કરી યોગ્ય સમજ આપવામાં આવેલ હતી. આ મીટિંગમાં સંસ્થાના તમામ શિક્ષકો અને આચાર્યશ્રી પણ હાજર રહ્યા હતા.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતિ નિમિત્તે

# શહિદ કોરોના વોરિયર સફાઈ કામદારના પરિવારનો કીટ વિતરણ

ગાંધીનગર, તા.૧૦

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતી (૨૮ ઑગસ્ટ ૨૦૨૦) નિમિત્તે વંચિત સમાજ, નિરાધાર વિધવા બહેનો, વિચરતી જાતિ સમુદાય, દિવ્યાંગ – વિકલાંગનાં જરૂરિયાતમંદ વોરિયરહ્ય સફાઈ કામદાર ભાઈઓ-બહેનોનાં જરૂરીયાતમંદ પરિવારોને એક કીટમાં રૂ.૨૫૦૦ની ઉચ્ચ ગુણવત્તાની ૪૦ કીલો જેટલી સામગ્રી : ઘઉ, ચોખા, તુવેરની દાળ, મગ, ચણા, મગની ફોતરાવાળી દાળ, શીંગ તેલ,






ચા, ખાંડ, બેસન, મીઠું-મરચું-હળદર-ધાણાજીરૂ વગેરે ભેટ આપવામાં આવ્યા. પરિવારોને અનાજ અને અન્ય જીવન-ઉપયોગી સામગ્રીની કીટ વિતરણનો સેવાયજ્ઞ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનની પ્રેરણાથી શરૂ કરવામાં આવ્યો છે.

આ અંતર્ગત ફરજ પર કોરોનાને લીધે શહીદ થયેલા વાલ્મીકિ સમાજના હ્યકોરોના

આ અવસરે ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી, વાલ્મીકિ સમાજના અગ્રણીઓ કે. સી. વાઘેલા (વાલ્મીકિ યુવા ઉત્થાન મિશન), ગંગારામભાઈ વાઘેલા (ભજનિક-લોકગાયક), કિશોરભાઈ સોલંકી (રાષ્ટ્રીય દલિત પિછડા વર્ગ – ગુજરાત પ્રદેશના મહામંત્રી) અને જગદીશભાઈ વાઘેલા (ભાજપ – કર્ણાવતી મહાનગર – સાબરમતી વોર્ડના મંત્રી), શ્રી ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટીના કિરીટસિંહ રહેવર (મામા) અને મહિપતસિંહ વાઘેલા, ખાદી-રચનાત્મક કાર્યકર ગોવિંદભાઈ જાદવ, એન.આઈ.ડી.સી. (દિલ્હી)ના નિવૃત્ત ચીફ એન્જિનિયર જગજીવનભાઈ પ્રભુદાસ ગોહિલ (સુદામડાવાળા), ચોટીલા સરકારી તાલુકા પુસ્તકાલયના અનિશભાઈ લાલાણી ઉપસ્થિતિ રહ્યા હતા. વધુ વિગત માટે પિનાકી મેઘાણી (મો. ૯૮૨૫૦ ૨૧૨૭૯)નો સંપર્ક કરી શકાશે.

# શ્રી જેબી પ્રાથમિક શાળામાંથી ઓનલાઈન સર્જનાત્મક પ્રવૃત્તિ યોજાઈ






ગાંધીનગર, તા. ૧૦

તા. ૨૫મી જુલાઈ, ૨૦૨૦ સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ધોરણ ૭ અને ૮નાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં ૬૭ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મગ, ચણા, વાલ, વટાણા, તુવેર, રાજમા વગેરે જેવા કઠોળનો ઉપયોગ કરી ટેબલ લેમ્પ અને ફુલદાનીઓ જેવી કલાકૃતિઓનું સર્જન કર્યું હતું. અને પોતાનામાં રહેલી કલાને ઉજાગર કરવાનો સુંદર પ્રયાસ કર્યો હતો.

સ્પર્ધામાં ભાગ લઈ સુંદર કલાકૃતિનાં સર્જન બદલ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષકોને શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## વધુ ૧૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત કન્ટેન્ટમેન્ટ ઝોન અને ક્વોરોન્ટાઈનના અમલીકરણ અંગે પણ કડક વલણ અખત્યાર કરવાની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણમાંથી આજે મળી આવેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓ છે. તંત્રએ કુડાસણમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થાય છે કે નહિ તે જોવા પણ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે. કુડાસણ એ ખુબજ ઝડપથી વિકાસ પામી રહેલ વિસ્તાર છે. અહિ રહેતા લોકોનો અમદાવાદ સાથેનો રોજીંદો વ્યવહાર પણ તંત્રના ધ્યાને આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણમાંથી આજે ૩૬ વર્ષીય યુવાન, ૫૫ વર્ષીય પુરૂષ, ૫૫ વર્ષીય મહિલા, ૬૦ વર્ષીય પુરૂષ અને ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાં કોરોનાના કેસોની સંખ્યા ૬૦ ને પાર કરી ગઈ છે.

આજે મળેલા કેસોમાં વાવોલમાંથી એક ૬૮ વર્ષીય પુરૂષ, છાલામાંથી એક ૪૮ વર્ષીય પુરૂષ, પ્રાંતિયામાંથી ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૬૩ વર્ષીય પુરૂષ, ૩૪ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

માણસા તાલુકામાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ગ્રામીણ વિસ્તારમાંથી અને એક કેસ શહેરી વિસ્તારમાંથી મળી આવેલ છે. માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામેથી ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે માણસા અર્બન વિસ્તારમાંથી એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે ૬ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને શહેરી વિસ્તારમાંથી પાંચ કેસ મળી આવ્યા છે. કલોલ તાલુકાના નાસ્મેદ ગામેથી એક ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જ્યારે અર્બન-૧ ના વિસ્તારમાંથી ૩૫ વર્ષીય પુરૂષ, ૧૭ વર્ષીય યુવતી અને ૪૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. અર્બન વિસ્તારમાંથી એક ૪૧ વર્ષીય પુરૂષ અને ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લા આરોગ્યતંત્રએ દાવો કર્યો છે કે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ ઘણા સારો છે. આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૦૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગ્રામીણ વિસ્તારના ૧૮૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં હાલ ૧૭,૮૪૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## પાંચ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કોન્ટ્રાક્ટરને ગાંધીનગર સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ખાનગી ઈજનેરી કોલેજમાં અધ્યાપક તરીકેની ફરજો બજાવતા અને સે. ૧૪ માં રહેતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ યુવા પ્રોફેસરના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૪ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ગૃહીણીના પરિવારના ૧૦ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ગૃહીણી કેવી રીતે સંક્રમિત થયા તે અંગેની વિગતો તંત્ર દ્વારા એકત્ર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

સેક્ટર-૬ માં રહેતા એક ૩૩ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ એડવોકેટને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શેરબજારનો ધંધો કરતા અને સે. ૭ માં રહેતા એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ આ દર્દીના પરિવારના ૮ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં સઘન સર્વેલન્સ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ ઉપરાંત ટેસ્ટની સંખ્યા પણ વધારવામાં આવી છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૪૫૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૧૦૫ થી વધુ કેસો એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## નહીં યોજાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે રાત્રિના સમયે શ્રીકૃષ્ણોજન્મોત્સવની ઉજવણી પણ સિમિત સેવક વર્ગની હાજરીમાં જ કરવામાં આવશે. ઈશ્વરની ઈચ્છા વિના પાંદડુ પણ હલતુ નથી મેળો ન થવો તે તેની જ ઈચ્છા હોઈ શકે આપણે આમાંથી શીખવુ પડશે કે સબદિન ન હોતે એક સમાન.. માણસોએ પ્રકૃતિ માતાને ગાયની માફક દોહી લીધી છે. પણ પ્રકૃતિના આંતરડા પણ બહાર કાઢી નાંખ્યા છે. આવા સંજોગોમાં કોરોના સમજાવવા આવ્યો છે હજુ સમજો તો સારુ છે.

## ઘરવપાસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂ થઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ મુલાકાતની પહેલ હાઈકમાન્ડ તરફથી કરવામાં આવી હતી. પાયલટ ગ્રુપના તમામ ધારાસભ્યો સતત કહી રહ્યાં છે કે અમે પાર્ટીથી નારાજ નથી પરંતુ મુખ્યમંત્રી અશોક ગેહલોતથી નારાજ છીએ. દરમિયાન ભાજપે ૧૧ ઓગસ્ટે ધારાસભ્ય દળની બેઠક બોલાવી છે. પાર્ટી ગુજરાત ગયેલા તેમના ૧૮ ધારાસભ્યોને પણ પરત બોલાવશે. મંગળવારે સાંજે ૪ વાગ્યે જયપુરની હોટલ ક્રાઉન પ્લાઝામાં ધારાસભ્ય દળની બેઠક થશે.

## વધતા રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવા કોરોના કેસની સંખ્યાને તેના ટોચની સ્થિતિમાં પહોંચીને નીચેની તરફ કર્વને થતા હજુ કેટલાક સપ્તાહનો સમય લાગી શકે છે. રેપિડ એન્ટિજેન ટેસ્ટ કિટ મારફત ખૂબ જ મોટી સંખ્યામાં ટેસ્ટિંગ શરુ કરીને દેશમાં અત્યાર સુધીમાં ટોટલ ૨.૪ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ 'શનિવાર દેશમાં એક દિવસમાં રેકોર્ડબ્રેક ૫૩,૮૭૯ દર્દીઓ રિકવર થયા હતા.

## મુદ્રા ભંડાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્તિકાંત દાસે ગુરૂવારે કહ્યું હતું કે, ૫૩૪.૬ અબજ ડોલરની વિદેશી મુદ્રા ભંડાર ૧૩.૪ મહિનાના આયાત ખર્ચ બરાબર છે. તેમણે કહ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૧ જુલાઈસુધી વિદેશી મુદ્રા ભંડારમાં ૫૬.૮ અબજ ડોલરનો વધારો નોંધાયો છે. આરબીઆઈ અનુસાર, આ પહેલા ૨૪ જુલાઈએ અંતિમ અઠવાડીયામાં પણ વિદેશી મુદ્રા ભંડાર ૪.૯૯૩ અબજ ડોલરથી વધીને ૫૨૨.૬૩૦ અબજ ડોલર પર પહોંચી ગયો હતો. તો ૫ જૂનના રોજ ખતમ થયેલા અઠવાડીયામાં પહેલી વખત દેશનો વિદેશી મુદ્રા ભંડાર ૫૦૦ અબજ ડોલરના રેકોર્ડ સ્તરથી ઉપર નીકળી ગયો હતો.



સરગમ ફલેટસમાં બરફના શિવલિંગની પૂજા કરી... નારણપુરા, સોલા હાઊસીંગ કોમપલેક્ષના સરગમ ફલેટસના ટીનાબેન દત્ત પરિવારે ઘેર બરફનું શિવલિંગ બનાવી શ્રાવણના ત્રીજા સોમવારે પૂજા કરી હતી.




શ્રી સોમનાથ મંદિર ખાતે શ્રાવણના ત્રીજા સોમવારે વિવિધ પુષ્પો - બિલ્વપત્રોનો શૃંગાર કરવામાં આવેલ હતો, મંદિર ખુલતા વહેલી સવારે સમગ્ર પરિસર અને મંદિર પર વરૂણદેવે અભિષેક કરેલો હતો. ભક્તો વહેલી સવારે પગપાળા મહાદેવના દર્શન કરવા આવી પહોચેલ હતા, મંદિર માં કોવિંડ-૧૯ ની ગાઈડ લાઈન પ્રમાણે માસ્ક પહેરી સોશ્યલ ડીસ્ટન્સ સાથે સોમનાથ મહાદેવના દર્શન કરી શ્રધ્ધાળુઓ ધન્ય બન્યા હતા.

# જન્મદિને વધામણી



રમણલાલ શાંતિલાલ ઠક્કર
પૂર્વ મંત્રી, જલારામ સેવા સમાજ
મો. ૭૭૭૯૦ ૫૪૧૬૨



નાયી કાન્તિલાલ શકરાલાલ
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



જતીશ ટાતરીયા
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨



અશ્વિન શાહ
મો. ૯૪૦૮૮ ૯૬૬૨૨



જયપ્રકાશ ભટ્ટ
કલા ગુર્જરી, શિવરંજની, કલરવ સંસ્થા - કારોબારી સભ્ય



કાવ્યા હડિયા



દર્શિલ ભરતકુમાર વાઘેલા
મો. ૯૯૭૪૪ ૦૪૯૮૧



દિવ્યાની ઈલેશકુમાર વાઘેલા



મિસ્ત્રી ઉષાબેન દશરથભાઈ
રેડક્રોસ ગાંધીનગર



રૂદ્રકુમાર રીન્કેશભાઈ પરમાર
મો.૯૯૧૩૫ ૯૮૯૭૪